# રાજકોટના મે.એડી. જયુડી.મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમા–રાજકોટ

ફોજદારી કેસ નં. ૩૨૭૯૩/ ૨૦૨૪
આંક :

**ફરિયાદી** : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :** અમજદ મહમદમુના મનસુરી

**ગુન્હો : પ્રોહી. એકટની કલમ– ૬૫એએ અન્વયે...**

## ::: ચુકાદો :::

(૧) ફરિયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવ્યા મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને કબૂલાત પુરસીસ અલગથી આપેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ ગેરકાયદેસર ઈંગ્લીશ દારૂ રાખી **પ્રોહી. એકટની કલમ–૬૫ એ એ** મુજબનો શિક્ષપાત્ર ગુનો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમા આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએ પોતાનાથી અજાણતા, ઈરાદા સિવાય, રોજીરોટીની તલાશ/કામગીરીમાં આવા પ્રકારનો પ્રથમવાર ગુનો થયાનુંજણાવેલ હોય, આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને સજા કરવી જોઈએ તેમ માનુંછું પરંતુ આરોપીની કબૂલાત પુરસીસ વંચાણે લેતા તેમ જ આરોપીપક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલી રજૂઆતોને લક્ષમા લેતા <u>તેમ જ ન્યાયમૂર્તિ ડો. જે. એન.ભટ્ટ સાહેબે સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર(ક્રિમીનલ અપીલ નંબર ૪૭૭/૨૦૦૨ વિગેરે)</u>ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમા લેતા, આ કામમાં આરોપીને હાલના ગુના સબબ કલમમાં ન્યુનતમ સજા નિયત કરેલી ના હોય, દંડની સજા કરવી જોઈએ તેમ માનું છું આરોપીની સામેના ગુનાને લક્ષમા લેતા, અર્ધગ્રામ્ય વાતાવરણમાંથી આવતા હોય, આવા પ્રકારના સંજોગો તથા રજૂઆતોને લક્ષમા લેતા આરોપીને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા જોઈએ અને તેવા સંજોગો ધ્યાને લઈ યોગ્ય સજાનો હુકમ કરવો ન્યાયિક જણાય છે, જેથી ન્યાયના વિશાળ હીતમા નીચેનો હુકમ કરવામા આવે છે.

## –:હુકમ:–

૧) આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૪૧ મુજબ **પ્રોહી. એકટની કલમ–૬૫ એ એ** મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી સદર ગુના સબબ રૂ. ૧૦૦ ( અંકે રૂપીયા એકસો પુરા) દંડ કરવાનો હુકમ કરવામાંઆવે છે.

૨) દંડ કસૂર બદલ દિવસ–૫ ની સાદી કેદ ભોગવવી.

૩) મુદ્દામાલ વાહન (જો હોય તો) અંગે અગાઉ થયેલ હુકમ અપીલ સમય બાદક્રિ.પ્રો.કોડની કલમ–૪૫૨ તળે બિનશરતી કાયમ રાખવાનો હુકમ કરવામાંઆવે છેઅનેઆવો કોઈ હુકમ બાકી હોય તો જ તેવા સંજોગોમાં વાહન માલીકને મુદ્દામાલની માલીકીની ખરાઈ કરી બિનશરતી સોંપી આપવાનુંરહેશે. બિન–કિમતી મુદ્દામાલ (જો હોય તો) નો અપીલ સમય બાદ નિમોનુસાર નિકાલ/નાશ કરવાનો રહેશે. દેશી દારૂ કે તેની મળી આવેલ ગેરકાયદેસર સામગ્રીનો નાશ કરવો.

૪) આરોપીએ રજુ કરેલ અગાઉના જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે વધુ છ માસના સમય માટેઅમલમાંરાખવાનો હુકમ કરવામાંઆવે છે.

હુકમ આજરોજ વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**Date: 14/12/24**
**RAJKOT .**

( એ.એસ.ખંડેલવાલ )
૪ થા જયુડી.મેજી.ફ.ક.
રાજકોટ
UIC/NO. GJ01662

**ફોજદારી દંડ ની રકમ રૂા.૧૦૦/–**
**દંડની પહોચ નં...........તા.૧૪/૧૨/૨૪**
થી વસુલ લીધા

Nazir
C.J.M.Court,
Rajkot